# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **પ્રધાનમત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યની મુલાકાતે. વાવ-થરાદ ખાતે 19 હજાર 800 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
2) **મુખ્યમંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી તાપી જિલ્લાના વિકાસ માટે અંદાજિત રૂ. ૧૬૦૦ કરોડની વિકાસ યોજનાઓનું ઇ-લોકાર્પણ અને ઇ-ખાતમુહૂર્ત કર્યું.**
3) **નાણામંત્રી કનુ દેસાઇની ઉપસ્થિતીમાં નવસારીમાં આયોજન મંડળની બેઠકમાં વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી.**
4) **ઉમરેઠ પેટાચૂંટણી માટે ભાજપે હર્ષદ પરમારને ઉમેદવાર જાહેર કર્યા.**
5) **રાજ્ય આગામી પાંચ દિવસ દરમિયાન કમોસમી વરસાદની આગાહી.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PRADHANMANTRI GUJARAT MULAKAT

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વાવ-થરાદ ખાતેથી કુલ 19 હજાર 806 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ભારત સરકારના ઊર્જા, માર્ગ,પરિવહન અને હાઇવે તેમજ રેલવે મંત્રાલયના 10 હજાર 921 કરોડ રૂપિયાના અને ગુજરાત સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના 8 હજાર 886 કરોડ રૂપિયાના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. એક અહેવાલ

VOICE CAST : AJAY INDREKAR

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી કચ્છ જિલ્લાના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટો હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક ખાતે ઊર્જા મંત્રાલય હેઠળના 3 હજાર 664 કરોડ રૂપિયાના 3 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત, 750 કરોડ રૂપિયાના ખર્ચે ઇડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ અને ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર વિભાગનું ખાતમુહૂર્ત કરશે.

તેમજ અમદાવાદ-ધોલેરામા 5 હજાર 105 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ પેકેજ 1 થી 4 નું લોકાર્પણ કરશે. રેલવે મંત્રાલયના 891 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત, ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેનને ખેડબ્રહ્મા ખાતેથી લીલી ઝંડી આપશે.

**શ્રી મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગુજરાતના 34 જિલ્લાઓમાં 38 હજાર 949 આવાસોમાં નાગરિકોનો ગૃહપ્રવેશ કરાવશે, જેનાથી રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકો માટે પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થશે.**

**(અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ)**

# CM TAPI INAGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી તાપી જિલ્લામાં રૂ. 1600 કરોડથી વધુના વિકાસકામોની ભેટ આપી છે. આ અંતર્ગત ઉકાઈ જળાશય યોજના પર આધારિત ઉદ્વહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ અને બોરીસવર યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ યોજનાઓને કારણે જીલ્લાના લોકોને અનેક લાભ થશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

## (BYTE – CM BHUPENDRA PATEL)

આ વિકાસ કાર્યોને કારણે 136 જેટલા ગામોને તેનો સીધો લાભ મળતા આ વિસ્તારમાંથી ખાસ ઉનાળા દરમ્યાન કેટલાક લોકો રોજગારી માટે હિજરત કરી શહેરો તરફ જતા હતા. હવે તે વાત ભૂતકાળ બની જશે તેવું સ્થાનિક ખેડૂત રામસિંગ વસાવાએ કહ્યું હતું

## (BYTE : RAMSING VASAVA)

# NAVSARI-KANU DESAI

નવસારી જિલ્લા આયોજન મંડળની બેઠક પ્રભારી મંત્રી કનુ દેસાઈના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે યોજાઈ ગઈ.  આ બેઠકમાં જિલ્લાના વર્ષ ૨૦૨૬-૨૭ માં તાલુકાવાર સંભવિત નવી જોગવાઈ કુલ ૧૧ કરોડ ૫૦ લાખ રૂપિયા આંકવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૫–૨૬ના વર્ષની વિવિધ જોગવાઈ હેઠળ મંજૂર થયેલી રકમ ૨૬કરોડ ૮૨ લાખ રૂપિયાથી વધુના કામોની સમીક્ષા કરવામાં આવી હતી.  વર્ષ ૨૦૨૩-૨૪ થી ૨૦૨૫-૨૬ સુધીની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલા વિકાસ કામોની પ્રગતિની સમીક્ષા કરતા મંત્રીશ્રીએ અમલીકરણ અધિકારીઓને સંસદસભ્યના ફંડ હેઠળના કામોની પણ વિગતવાર સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

# AHMEDABAD-METRO

અમદાવાદ-ગાધીનગર રૂટ પર મેટ્રો સેવાઓ કોટેશ્વર રોડથી જી.એન.એલ.યુ. વચ્ચે આવતીકાલે સવારે સાડા ૯ થી ૧૧ વાગ્યા સુધી કાર્યરત રહેશે નહી. ઉપરાત, અમદાવાદ-ગાધીનગર રૂટ પર ઇન્ફોસીટીથી મહાત્મા મંદિર સેક્શન વચ્ચેસવારે સાડા ૧૧ થી સવા ૧૨ વાગ્યા સુધી કાયયરત રહેશે નહી. એ.પી.એમ.સી.-કોટેશ્વર રોડ અને વસ્ત્રાલ ગામ-થલતેજ ગામ કોરીડોર પર આ સેવાઓ રાબેતા મુજબ રહેશે.

# GIR-SOMNATH

ગીર સોમનાથ જિલ્લામાં પેટ્રોલ–ડીઝલ અને રાંધણગેસની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા કલેકટર એન.વી.ઉપાધ્યાયની અધ્યક્ષતામાં વેરાવળ પ્રાંત કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઇ. પેટ્રોલપંપ-ઓઈલ કંપનીના પ્રતિનિધિઓ અને ગેસ કંપનીના પ્રતિનિધિઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા અને બિનજરૂરી સંગ્રહ ન કરવા કલેકટરે નાગરિકોને અપીલ કરી છે.

# RFO TRANSFER

રાજ્યમાં વન વિભાગની અલગ અલગ રેન્જના 365 અધિકારીઓની સામૂહિક બદલી થઈ. રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ હસ્તકના વર્ગ 2 ના અધિકારીઓ ની બદલી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છેકે સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા બદલીઓનો દોર યથાવત રહ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# UMRETH BJP CANDIDATE ANNOUNED

ગુજરાતમાં યોજાનારી વિધાનસભા પેટા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ ઉમરેઠ બેઠક માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી છે. પાર્ટીના હાઈ કમાન્ડે ઉમરેઠ (111) બેઠક પરથી હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમારને સત્તાવાર ઉમેદવાર તરીકે ટિકિટ આપી છે. ઉલ્લેખનીય છે કે, 23 એપ્રિલના રોજ મતદાન અને 4 મેના રોજ પરિણામ જાહેર થશે. હર્ષદ પરમાર સ્વર્ગસ્થ ગોવિંદ પરમારના પુત્ર હોવાનું ભાજપના પ્રદેશ પ્રવક્તા ડોક્ટર અનિલ પટેલે કહ્યું હતું.

**(BYTE - DR. ANIL PATEL, STATE SPOKESPERSON BJP)**

# WEATHER

રાજ્યમાં આગામી 5 એપ્રિલ સુધી વાતાવરણમાં પલટો આવી શકે છે. આજે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ, આંધી અને તોફાન અને વિજળીના કડાકા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન ના કારણે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદની આગાહી છે. મધ્ય ગુજરાતમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે અમદાવાદમાં આજે હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ અંગે હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ કે દાસે વધુ માહિતી આપી.

BYTE—(Dr. A. K. Das, Director of Meteorological Department)

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, દાહોદ, મહીસાગર, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, મોરબી, દ્વારકા, કચ્છમાં આજે વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી અને ત્રીજી એપ્રિલે પણ વરસાદની આગાહી કરાઈ છે.

# DWARAKA-TAPU-BAN

દ્વારકા જિલ્લાની સમુદ્ર સીમામાં આવેલા 21 જેટલા ટાપુઓ પર લોકોની અવર જવર પર તંત્ર દ્વારા રોક લગાવવામાં આવી છે. સમુદ્ર રસ્તે દેશ વિરોધી પ્રવૃત્તિઓ ન થાય તે હેતુથી રોક લગાવી સુરક્ષા વ્યસ્થા ચુસ્ત કરાઇ છે. ટૂંક સમય પેહલા જ સમુદ્રી વિસ્તારો પર મેગા ડીમોલિશન હાથ ધરાયું હતું,  ત્યારે હાલ 24 મે સુધી લોકોની અવર જવર પર પ્રતિબંધ છે.

# VALSAD VAPI FIRE

વલસાડ જિલ્લાના વાપી તાલુકાના ડુંગરા વિસ્તારમાં મધરાતે ભીષણ આગ ફાટી નીકળી હતી. ડુંગરી ફળિયા સ્થિત મદીના મસ્જિદ પાસે આવેલા 20થી 25 સ્ક્રેપના ગોડાઉનો આગની ઝપેટમાં આવી ગયા હતા, જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગ એટલી વિકરાળ હતી કે, તેની જ્વાળાઓ અને ધુમાડાના ગોટા કિલોમીટરો દૂરથી પણ સ્પષ્ટ દેખાતા હતા. સ્થાનિક લોકોએ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જ્વલનશીલ ભંગારના જથ્થાને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ અને ગોડાઉનો ભસ્મીભૂત થઈ ગયા.

સ્થાનિકો દ્વારા તાત્કાલિક વાપી ફાયર ફાઈટરની ટીમને જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ફાયર ટીમે આગની ગંભીરતા જોતા મેજર કોલ જાહેર કર્યો હતો. આસપાસના વિસ્તારોમાંથી પણ ફાયર બ્રિગેડની ટીમો મદદ માટે આવી પહોંચી હતી અને આગ બુઝાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા.

આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ લાખો રૂપિયાનો સ્ક્રેપ બળીને ખાખ થઈ જતાં મોટું આર્થિક નુકસાન થયું છે.

# CHOTAUDEPUR-PARSHURAM

છોટાઉદેપુર નવાપુરા પોસ્ટ ઓફિસ ચોક ખાતે ભગવાન પરશુરામની પ્રતિમાનું લોકાર્પણ કાર્યક્રમ સાંસદ જશું રાઠવા અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. બન્ને મહાનુભાવોએ પાંચ કરોડના ખર્ચે તૈયાર થનાર શાંતિ પથનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું.

ભગવાન પરશુરામની પ્રતિમાની સારસંભાળની જવાબદારી લેનાર દિનેશ ઉપાધ્યાયનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું